**<u>અસ્વીકરણ:</u>** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

---

**અમદાવાદ ખાતે ગુજરાતની વડી અદાલતમાં**

**ફોજદારી અપીલ નં. ૮૬૭/૨૦૦૯**

**સાથે**

**ફોજદારી અપીલ નં. ૪૯૬/૨૦૧૧**

**મંજૂરી અને સહિ માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી કે.એસ. ઝવેરી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ.જી. ઉરેઝી**

==================================================

૧. શું સ્થાનિક અખબારોના અહેવાલદાતાઓને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે ?

૨. રિપોર્ટરને સંદર્ભિત કરવાનું કે નહીં?

૩. શું ન્યાયમુર્તીશ્રીઓ ચુકાદાની ઉચીત નકલ જોવા ઈચ્છે છે?

૪. શું આ મામલે ભારતના બંધારણ, ૧૯૫૦ની વ્યાખ્યા અંગે અથવા તેના અંતર્ગત કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાનૂની નોંધપાત્ર પ્રશ્ન ઉદ્‌ભવે છે?

૫. શું તેને સીવીલ જજને પરિપત્રિત કરવામા આવે ?

=====================================================

શંભુભાઈ નાથાભાઈ પઢીયાર અને ૨....અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય....સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ)

=====================================================

હાજરી:

અપીલકર્તા(ઓ) નં. ૧ – ૩ માટે વકિલ કુ. સાધના સાગર

સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં. ૧ માટે કુ. નિશા ઠાકોર, અધિક સરકારી વકીલ

=====================================================

ન્યાયપીઠ: **માનનીય ન્યાયમૂર્તિ કે.એસ. ઝવેરી તથા**

**માનનીય ન્યાયમૂર્તિ એ.જી. ઉરેઝી**

**તારીખ : ૦૩/૦૭/૨૦૧૪**

**મૌખિક ચુકાદો**

**(માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ.જી. ઉરેઝી દ્વારા)**

૧. આ બંને અપીલો અધિક સત્ર ન્યાયાધીશ તથા અધ્યક્ષ અધિકારી, ફાસ્ટ ટ્રેક અદાલત, આણંદ દ્વારા સત્ર કેસ નં. ૨૩/૨૦૦૮ માં પસાર કરાયેલા ૩૧.૦૩.૨૦૦૯ના ચુકાદા અને આદેશ સામે દાખલ કરવામાં આવી છે, જે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ વાંચી કલમ ૧૧૪, ૩૨૩ વાંચી કલમ ૧૧૪, ૫૦૪ વાંચી કલમ ૧૧૪ તથા બી.પી. અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ દંડનીય ગુનાઓ માટે હતો. દંડ પ્રક્રિયા સંહિતાની કલમ ૨૩૫(૨) હેઠળ તેમને આ ગુનાઓ માટે દોષિત ઠરાવવામાં આવ્યા હતા અને નીચે મુજબ કેદ ભોગવવાનો આદેશ આપવામાં આવ્યો છે:–

| અનુ.નં. | ફોજદારી અપીલ નં. | સજાના વિગતવાર અંશો |
|---|---|---|
| ૧ | ફોજદારી અપીલ નં. ૮૬૭/૦૯ | કલમ ૩૦૨ સહપાઠિત કલમ ૧૧૪ હેઠળ દંડનીય અપરાધો બદલ આજીવન કેદ અને રૂ. ૫૦૦૦/– નો દંડ, દંડ ન ભરે તો ૬ માસની સાદી કેદ.<br><br>કલમ ૩૨૩ સહપાઠિત કલમ ૧૧૪ હેઠળ દંડનીય અપરાધો બદલ ૩ માસની સાદી કેદ અને રૂ. ૨૫૦/– નો દંડ, દંડ ન ભરે તો ૧ માસની સાદી કેદ.<br><br>કલમ ૫૦૪ સહપાઠિત કલમ ૧૧૪ હેઠળ |

| | | |
|---|---|---|
| | | દંડનીય અપરાધો બદલ ૧ માસની સાદી કેદ અને રૂ. ૨૫૦/– નો દંડ, દંડ ન ભરે તો ૫ દિવસની સાદી કેદ.<br><br>બિ.પી. અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ દંડનીય અપરાધો બદલ ૧૫ દિવસની સાદી કેદ અને રૂ. ૧૦૦/– નો દંડ, દંડ ન ભરે તો ૫ દિવસની સાદી કેદ. |
| ૨ | ફોજદારી અપીલ નં. ૪૯૬/૧૧ | આઈ.પી. સંહિતાની કલમ ૩૦૨ સાથે વાંચેલી કલમ ૧૧૪ હેઠળ દંડનીય ગુનાઓ માટે આજીવન કારાવાસ અને રૂ. ૫૦૦૦/– નો દંડ, દંડ ન ભરે તો ૬ માસનો સાદો કારાવાસ.<br><br>આઈ.પી. સંહિતાની કલમ ૩૨૩ સાથે વાંચેલી કલમ ૧૧૪ હેઠળ દંડનીય ગુનાઓ માટે ૩ માસનો સાદો કારાવાસ અને રૂ. ૨૫૦/–નો દંડ, દંડ ન ભરે તો ૧ માસનો સાદો કારાવાસ. |

| | | |
|---|---|---|
| | | આઈ.પી. સંહિતાની કલમ ૫૦૪ સાથે વાંચેલી કલમ ૧૧૪ હેઠળ દંડનીય ગુનાઓ માટે ૧ માસનો સાદો કારાવાસ અને રૂ. ૨૫૦/-નો દંડ, દંડ ન ભરે તો ૫ દિવસનો સાદો કારાવાસ.<br><br>બી.પી. અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ દંડનીય ગુનાઓ માટે ૧૫ દિવસનો સાદો કારાવાસ અને રૂ. ૧૦૦/-નો દંડ, દંડ ન ભરે તો ૫ દિવસનો સાદો કારાવાસ. |

૧.૧ દર્શાવાયેલા દોષારોપણ અને સજાથી અસંતુષ્ટ થઈ, મૂળ આરોપી નં. ૧, ૩ અને ૪ એ ફોજદારી અપીલ નં. ૮૬૭ / ૨૦૦૯ દાખલ કરી છે અને મૂળ આરોપી નં. ૨ એ ફોજદારી અપીલ નં. ૪૯૬ / ૨૦૧૧ દાખલ કરી છે.

૨. આરોપીઓ વિરુદ્ધની ફરિયાદ પક્ષની હકીકતો આ પ્રમાણે છે કે ૨૬.૧૧.૨૦૦૭ના રોજ આશરે ૦૮.૦૦ વાગ્યે આરોપી નં. ૧ – શંભુભાઈ પઢીયાર અંબાવ, બેવડિપુરા સીમ ખાતે ફરિયાદીના ખેતરમાં ઊગેલા વૃક્ષની ડાળીઓ કાપી રહ્યા હતા. ફરિયાદીએ આરોપી નં. ૧ને ઉક્ત વૃક્ષની ડાળીઓ ન કાપવા જણાવ્યું, ત્યારબાદ તમામ અપીલકર્તાઓ લાકડીઓ સાથે એકઠા થયા

અને આરોપી નં. ૧એ ફરિયાદીના પિતા – મૃતક લાખાભાઈના માથા, પીઠ, ડાબા હાથના કાંડા તથા ખભા પર લાકડીના ઘા માર્યા. આરોપી નં. ૨એ પણ મૃતકના માથા તથા ખુમાણસિંહના કાંડા પર લાકડીનો ઘા માર્યો. લાખાભાઈને માથામાં ઈજા પહોંચી હતી અને તેથી પ્રારંભમાં તેમને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અંકલાવ ખાતે લઈ જવાયા, જ્યાંથી વધુ સારવાર માટે વડોદરા લઈ જવાયા, પરંતુ દુર્ભાગ્યવશ તેઓ ઈજાઓને કારણે મૃત્યુ પામ્યા. આ ઘટનાના સંબંધમાં મૃતકના પુત્ર ચીમનભાઈ પઢીયાર (પી.ડબલ્યુ. નં. ૩) દ્વારા અંકલાવ ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદના અનુસંધાને, અંકલાવ ગ્રામીણ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૩૦૬૯/૨૦૦૭ મુજબ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

૪. તપાસ હાથ ધરવામાં આવી અને નિયમિત તપાસ બાદ, અપીલકર્તાઓ વિરુદ્ધ આરોપપત્ર દાખલ કરવામાં આવ્યું. અપીલકર્તાઓ દ્વારા આચરવામાં આવેલા ગુનાઓ માત્ર સત્ર અદાલત દ્વારા જ ચલાવવા પાત્ર હતા. તેથી, વિદ્વાન ન્યાયિક મેજિસ્ટ્રેટે સંહિતાની કલમ ૨૦૯ હેઠળ મામલો આણંદની સત્ર અદાલતમાં મોકલી આપ્યો, જ્યાં તેનો નોંધણી સત્ર કેસ નં. ૨૩/૨૦૦૮ તરીકે કરવામાં આવી. આંક ૮ મુજબ અપીલકર્તાઓ સામે આરોપ ઘડવામાં આવ્યો. તેમણે દોષી નથી એવી દલીલ કરી અને કેસ ચલાવવાની માંગ કરી.

૨.૨ અપીલકર્તાઓ સામે નીચલી અદાલતમાં કાર્યવાહી આરંભવામાં આવી હતી અને સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે મૌખિક પુરાવા તરીકે નીચેના ૨૦ સાક્ષીઓની તપાસ કરી હતી:

(૧) પી.ડબ્લ્યુ. ૧ – ડૉ. ગિરીશ ઠક્કર આંક ૨૦

(૨) પી.ડબ્લ્યુ. ૨ – હિતેશ વૈષ્ણવ આંક ૩૪

(૩) પી.ડબ્લ્યુ. ૩ – ચીમનભાઈ પઢિયાર આંક ૩૯

(૪) પી.ડબ્લ્યુ. ૪ – જીવાભાઈ પઢિયાર આંક ૪૧

(૫) પી.ડબ્લ્યુ. ૫ – જેસિંગભાઈ આંક ૪૬

(૬) પા.ડબ્લ્યુ. ૬ – કાંતિભાઈ પઢીયાર આંક ૫૦

(૭) પી.ડબ્લ્યુ. ૭ – ચંદુભાઈ રાજ આંક ૫૨

(૮) પી.ડબ્લ્યુ. ૮ – ખુમાનભાઈ પઢીયાર આંક ૫૩

(૯) પી.ડબ્લ્યુ. ૯ – દિનેશભાઈ પઢિયાર આંક ૫૫

(૧૦) પી.ડબ્લ્યુ. ૧૦ – ગોવિંદભાઈ રાઠોડ આંક ૬૧

(૧૧) પી.ડબલ્યુ. ૧૧ – અશ્વિનભાઈ ધીરુભાઈ આંક ૬૫

(૧૨) પી.ડબલ્યુ. ૧૨ – બાબરભાઈ નાથુસિંહ આંક ૬૮

(૧૩) પી.ડબ્લ્યુ. ૧૩ – મહેન્દ્રસિંહ દીપસિંહ આંક ૭૭

૨.૩ ફરિયાદ પક્ષે નીચેના દસ્તાવેજો પર પણ આધાર મૂક્યો હતો, જે દસ્તાવેજી પુરાવા તરીકે અમારા દ્વારા અવલોકન કરવામાં આવ્યા છે:

(૧) ફરિયાદ આંક ૪૦

(૨) ઈજાગ્રસ્તનો ઉપચાર પ્રમાણપત્ર આંક ૨૨

(૩) ઈજાગ્રસ્તનો ઉપચાર પ્રમાણપત્ર આંક ૨૫

(૪) ઈજાગ્રસ્તનું ઉપચાર પ્રમાણપત્ર આંક ૨૬

(૫) ઈજાગ્રસ્તનો ઉપચાર પ્રમાણપત્ર આંક ૨૭

(૬) પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આંક ૩૦

(૭) ગુનાસ્થળનુ પંચનામુ આંક ૪૨

(૮) તપાસ પંચનામું આંક ૪૩

(૯) મૃતકના કપડાંનું પંચનામું આંક ૪૪

(૧૦) આરોપીની શરીર સ્થિતિનું પંચનામું આંક ૪૫

(૧૧) ગુનાસ્થળનુ પંચનામુ આંક ૪૭

(૧૨) શોધ પંચનામું આંક ૫૧

(૧૩) અહેવાલ આંક ૭૪

(૧૪) એફ.એસ.એલ. અહેવાલ આંક ૭૯

(૧૫) સૂચનપત્ર આંક ૮૦

૨.૪ નીચલી અદાલતમાં સુનાવણીના અંતે, આરોપીઓના નિવેદન નોંધ્યા બાદ અને ફરિયાદ પક્ષ તથા બચાવ પક્ષની દલીલો સાંભળ્યા બાદ, માનનીય અધિક સત્ર ન્યાયાધીશે ૩૧.૦૩.૨૦૦૯ના ચુકાદા અને આદેશ દ્વારા અપીલકર્તાઓને તેમની સામે મૂકાયેલા આરોપોમાં દોષિત ઠરાવ્યા હતા.

૩. ફોજદારી અપીલ નં. ૮૬૭/૨૦૦૯ના અપીલકર્તાઓ તરફથી હાજર રહેલી વિદ્ધાન અધીવક્તા કુ. સાધના સાગરને, ફોજદારી અપીલ નં. ૪૯૬/૨૦૧૧ના અપીલકર્તા તરફથી શ્રી મૃદુલ બરોટને તથા પ્રતિવાદી–રાજ્ય તરફથી હાજર રહેલા વિદ્ધાન એ.પી.પી. કુ. નિશા ઠાકોરને સાંભળવામાં આવ્યા.

૩.૧ અપીલકર્તાઓ તરફથી હાજર વિદ્ધાન વકીલોએ દલીલ કરી હતી કે ફરિયાદ પક્ષ અપીલકર્તાઓ વિરુદ્ધનો કેસ વાજબી શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે. અપીલકર્તાઓના વિદ્ધાન વકીલોએ દલીલ કરી હતી કે આક્ષેપિત ઘટના વૃક્ષની ડાળીઓ કાપવા સંબંધિત વિવાદના કારણે બની હતી અને આરોપી વ્યક્તિઓ તરફથી કોઈ પૂર્વયોજનાબદ્ધતા અથવા તૈયારી નહોતી. રજૂઆત કરવામાં આવે છે કે આક્ષેપિત ઘટના ઉશ્કેરાટની સ્થિતિમાં બની હોય તેમ જણાય છે અને તેથી નીચલી અદાલતે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ અપીલકર્તાઓને દોષિત ઠરાવવામાં ભૂલ કરી છે.

૩.૨ અપીલકર્તાઓના વિદ્ધાન વકીલો દ્ધારા રજૂ કરવામાં આવે છે કે પરિસ્થિતિઓની સમગ્રતા, ઘટનાનો જે રીતે ઘટિત થઈ હતી તે રીત તથા પ્રત્યેક આરોપીએ ભજવેલી ભૂમિકાને ધ્યાનમાં લેતાં, જો આ અદાલત દ્ધારા દલીલોનો પ્રથમ ભાગ સ્વીકારવામાં ન આવે, તો વૈકલ્પિકરૂપે, ઉપરોક્ત રજૂઆતોને પૂર્વાગ્રહ વિના, ઈજાઓ તથા તબીબી પુરાવાને ધ્યાનમાં રાખી, અદાલત વિચાર કરી શકે કે વિષયગત ઘટના ક્ષણિક ઉશ્કેરાટના નબળા પળમાં બની હતી. રજૂ

કરવામાં આવે છે કે ઝઘડાના પરિણામે, જે ક્ષણિક ઉશ્કેરાટમાં મરણજનાર પર હુમલો થયો હતો, તે હકીકતને ધ્યાનમાં રાખીને, અદાલત અપીલકર્તાઓના કેસને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪ (ભાગ ૧) હેઠળ વિચારમાં લઈ શકે.

૪. કુ. નિશા ઠાકોર, વિદ્ધાન એ.પી.પી., તેમ છતાં રજૂઆત કરી હતી કે નીચલી અદાલતે ભારતીય દંડ સંહિતાની ધારા ૩૦૨ હેઠળની દોષસિદ્ધિને ટકાવી રાખવા માટે યોગ્ય અને યુક્તિસંગત કારણો આપ્યાં છે અને આ અદાલતે આ અપીલોમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં. તેમણે જણાવ્યું હતું કે નીચલી અદાલતે દોષસિદ્ધિ માત્ર આંખે જોયેલા સાક્ષીઓના નિવેદનો પર જ આધારિત રાખી નથી, પરંતુ કેસની સમગ્ર પરિસ્થિતિઓ અને યોગ્ય પુરાવાથી સાબિત થયેલાં તથ્યોનો પણ વિચાર કર્યો છે. તેમણે આ અદાલતનું ધ્યાન આંખે જોયેલા સાક્ષીઓના નિવેદનો, તબીબી પુરાવા અને પંચનામાઓ તરફ દોર્યું હતું.

૫. અમે કેસના રેકોર્ડનું અવલોકન કર્યું છે. આ કેસ પ્રત્યક્ષદર્શી સાક્ષીઓની સાક્ષીપર આધારિત છે. પી.ડબ્લ્યુ. ૩ – ચીમનાભાઈ પઢિયાર, પી.ડબ્લ્યુ. ૮ – ખુમાનસિંહ પઢિયાર અને પી.ડબ્લ્યુ. ૯ – દિનેશભાઈ પઢિયાર હાલની આક્ષેપિત ઘટનાના ઈજાગ્રસ્ત સાક્ષીઓ તેમજ પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ છે. આ સાક્ષીઓએ એકસૂરથી જણાવ્યું છે કે ૨૬.૧૧.૨૦૦૭ના રોજ આશરે ૦૮.૩૦ વાગ્યે જ્યારે આરોપી નં. ૧ વૃક્ષની ડાળીઓ કાપી રહ્યો હતો, ત્યારે ફરિયાદીએ

તેને તેમ કરવાથી રોક્યો હતો, પરંતુ આરોપી નં. ૧એ ફરિયાદીને ગાળો આપવા શરૂ કરી. આ સાક્ષીઓએ જણાવ્યું છે કે ત્યારબાદ અન્ય આરોપીઓ ત્યાં આવી પહોંચ્યા અને આરોપી નં. ૧એ ફરિયાદીના માથામાં લાકડીનો ઘા કર્યો. તેટલામાં મૃતક ત્યાં પહોંચી ગયા અને આરોપી નં. ૧ તથા ૨એ મૃતકના માથા અને ખભા પર લાકડીના ઘા કર્યા. જણાવાયું છે કે આરોપી નં. ૩ તથા ૪એ પણ મુક્કા અને લાકડીના ઘા કર્યા.

૫.૧ એ સ્વીકારાયેલ હકીકત છે કે ફરિયાદી દ્વારા તેના ખેતરની સીમાએ ઉગાડવામાં આવેલ વૃક્ષની ડાળીઓ કાપવાના વિવાદના કારણે આ ઘટના બની હતી. નીચલી અદાલત સમક્ષ રજૂ કરાયેલ સાક્ષ્યમાંથી વધુમાં એવું પણ પ્રગટ થાય છે કે ફરિયાદી પક્ષ તેમજ અપીલકર્તાઓ બંનેએ આ ઘટનામાં ભાગ લીધો હતો અને તેથી અપીલકર્તાઓ તથા મૃતકના ભાગે આશય લગાડવો અત્યંત મુશ્કેલ છે.

૬. ઈજાગ્રસ્ત તથા મૃતકના તબીબી કેસ પત્રોમાંથી, વિશેષ કરીને ડૉક્ટર સમક્ષ આપવામાં આવેલી ઈતિહાસ રિપોર્ટમાંથી, આ પ્રસ્થાપિત થાય છે કે ઈજાઓ લાઠી વડે પહોંચાડવામાં આવી હતી અને આરોપીઓ જ આક્ષેપિત હુમલાના કર્તા હતા. ઈજાગ્રસ્ત અને મૃતકે તેમને સારવાર આપનાર ડૉક્ટર સમક્ષ આરોપીઓના નામ જણાવ્યા હતા. તબીબી પુરાવા પ્રત્યક્ષદર્શી સાક્ષીઓના નિવેદનને સમર્થન આપે છે.

૬.૧ તબીબી પુરાવાથી સ્પષ્ટ થાય છે કે માથાના ડાબા ભાગ પર પાછળથી ફટકો મારવામાં આવ્યો હતો, જેના કારણે ખોપરીનું હાડકું તૂટી ગયું હતું અને તેના પરિણામે મગજમાં લોહીનો ગંઠાવ અને મગજની અંદર રક્તસ્રાવ થયો હતો, અને તે જ કારણે લાખાભાઈનું મૃત્યુ થયું હતું. લશુબેન ચેમાભાઈ ચૌધરી વિ. ગુજરાત રાજ્યના કેસમાં, જે ૨૦૧૩(૨) જીએલએચ ૭૦૬માં અહેવાલિત છે, આ અદાલતે નીચે મુજબ નોંધ્યું છે:

"૧૩. અમે ઉપર પહેલેથી જ ચર્ચા કરી ચૂક્યા છીએ કે આરોપી દ્વારા મૃતકને ચૂલ્હાના અગ્નિમાં ધકેલવાની ક્રિયા પહેલાં મૃતક અને અપીલકર્તા વચ્ચે ઝઘડો થયો હતો. ઉપરોક્ત રેકોર્ડ પુરાવાઓમાંથી એવું કહી શકાય તેમ નથી કે અપીલકર્તાનો એવો આશય હતો કે તેના આ વર્તનથી મૃતકનું મૃત્યુ થશે અથવા મૃતકને એવી શારીરિક ઇજા થશે, જે સામાન્ય પ્રકૃતિની અનુસારમાં મૃતકના મૃત્યુ માટે પૂરતી હોય. તેથી, અમારા મત મુજબ, આ કેસ સંહિતા ૩૦૦ની ચોથી કલમ હેઠળ આવરી શકાય તેમ નથી; જોકે, અપીલકર્તાનો કેસ સંહિતા ૩૦૪, ભાગ–૨ હેઠળ આવરી લેવાય છે. સંહિતા ૩૦૦ની કલમ (૪) આ મુજબ વાંચવામાં આવે છે :–

૩૦૦. અહીંથી આગળ અપવાદરૂપ રાખવામાં આવેલી બાબતો સિવાય, દંડનીય માનવવધ હત્યા છે, જો જે કાર્ય દ્વારા મૃત્યુ થતું હોય તે મૃત્યુ કરવાના ઈરાદાથી કરવામાં આવ્યું હોય, અથવા –

બીજુ xxx xxx xxx xxx

ત્રીજું xxx xxx xxx xxx

ચોથું.– જો તે કાર્ય કરનાર વ્યક્તિ જાણે છે કે તે એટલું અત્યંત જોખમી છે કે, સર્વ સંભાવનામાં, તે મૃત્યુ અથવા એવી શરીરિક ઈજા કરશે જે મૃત્યુ થવાની સંભાવના ધરાવે, અને તેમ છતાં મૃત્યુ અથવા ઉપરોક્ત જેવી ઈજા થવાના જોખમનો સામનો કરવા માટે કોઈ યોગ્ય કારણ વિના એવું કાર્ય કરે.

આ કલમ એવા કેસોના વર્ગને આવરી લે છે, જે સ્વયંમાં અત્યંત જોખમી હોય છે અને કૃત્ય એવા જ્ઞાન સાથે કરવામાં આવે છે કે તે બહોળી સંભાવનાએ મૃત્યુ અથવા એવી શારીરિક ઈજા અવશ્ય સર્જશે, જે મૃત્યુ સર્જવાની સંભાવના ધરાવે છે; અને છતાં, એવા જ્ઞાન છતાં, કોઈપણ બહાનું વિના કૃત્ય કરવામાં આવે છે. અન્ય શબ્દોમાં કહીએ તો, આ કલમની જોગવાઈઓ ત્યારે જ લાગુ પડે છે જ્યારે અપરાધીને જાણ હોય કે તેનું કૃત્ય એટલું તત્કાળ જોખમી છે કે તે બહોળી સંભાવનાએ મૃત્યુ અથવા ઓછામાં ઓછું એવી શારીરિક ઈજા કરશે, જે મૃત્યુ સર્જવાની સંભાવના ધરાવે છે. આરોપી તરફથી આવું જ્ઞાન અત્યંત ઉચ્ચ સ્તરની સંભાવનાનું

હોવું આવશ્યક છે. એ પણ સર્વવિદિત હકીકત છે કે ચોથો ઉપખંડ એવા કેસોના વર્ગ માટે રચાયેલો છે, જેમાં મૃત્યુ પામવાનું પરિણામ આપતાં કૃત્યો કોઈ એક વિશિષ્ટ વ્યક્તિને લક્ષ્ય કર્યા વિના અનેક વ્યક્તિઓના જીવનને જોખમમાં મૂકે છે અને સંભવિત પરિણામની પૂર્ણ સજાગતાસાથે આચરવામાં આવે છે, જેમ કે દંડ સંહિતાની ધારા ૩૦૦ના ઉદાહરણ (ડી) માંથી જણાય છે. ઉપખંડ (૪) હેઠળ કૃત્યથી ઘાતક નુકસાન થવાની સંભાવના અથવા શક્યતાનું પ્રમાણ સર્વોચ્ચ સ્તરનું હોવું આવશ્યક છે. આ બાબત ઉપખંડ (૪)ની સ્પષ્ટ ભાષામાંથી, એટલે કે, "જો કૃત્ય કરનાર વ્યક્તિને જાણ હોય કે તે એટલું તત્કાળ જોખમી છે કે તે બહોળી સંભાવનાએ મૃત્યુ સર્જશે ......." માંથી સ્પષ્ટપણે જાણવા મળે છે. આ ઉપખંડના લાગુ પડવા માટે નીચેની આવશ્યક શરતો છે :-

(૧) કૃત્ય તાત્કાલિક જોખમી હોવું આવશ્યક છે;

(૨) આ કૃત્ય અસાધારણ બેદરકારીપૂર્વકનું હોવું જોઈએ;

(૩) માનવજીવનને જોખમ એટલું તત્કાલ અને અતિનિર્ણાયક હોવું જોઈએ; અને

(૫) તે તાત્કાલિકતા એવી હોવી જોઈએ કે તે સંભાવ્યતઃ મૃત્યુનું કારણ બને અથવા એવી શારીરિક ઈજા પહોંચાડે જે મૃત્યુનું કારણ બનવાની શક્યતા ધરાવે.

"તાત્કાલિક રીતે" શબ્દ એવો જોખમ સૂચવે છે જે ધમકીસભર પણ હોય અને નજીક પણ હોય. કોઈ કૃત્ય તાત્કાલિક રીતે જોખમી છે કે નહિ તે પ્રશ્ન તે કૃત્યની સ્વભાવપ્રકૃતિ અને માનવજીવન માટે તેના સ્પષ્ટ જોખમ પર આધાર રાખે છે. ધમકાવાયેલો જોખમ માનવજીવનને જ હોવો જોઈએ. તે એવું કૃત્ય હોવું જોઈએ જેમાં માનવનું મૃત્યુ નિશ્ચિત અથવા લગભગ નિશ્ચિત હોય, અને જો પરિણામ ભિન્ન હોત તો આશ્ચર્યજનક લાગત. વધુમાં, જોખમ માત્ર નિશ્ચિત અથવા લગભગ નિશ્ચિત મૃત્યુનો જ નહીં, પરંતુ એવા મૃત્યુનો હોવો જોઈએ જે નજીક હોય અને જેનો હિસાબ દિવસો અથવા કલાકો દ્વારા થઈ શકે. આથી, સ્પષ્ટ થાય છે કે કલમ ૩૦૦ની પૂર્વવર્તી ત્રણ ઉપકલમો કરતાં ઉપકલમ (૪) આરોપીના જ્ઞાન પર આધારિત છે અને આ ઉપકલમને આકર્ષવા આરોપીની મનશા કોઈ પ્રાસંગિકતા ધરાવતી નથી.

૧૪. આ તબક્કે, અમે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૯ની જોગવાઈઓનો, અને ખાસ કરીને આ કલમના અંતિમ ભાગનો, સંદર્ભ લઈ શકીએ છીએ તથા ઉક્ત જોગવાઈઓનું કલમની ઉપકલમ (૪) સાથે તુલનાત્મક રીતે પરીક્ષણ કરી શકીએ છીએ, કારણ કે આ બંને જોગવાઈઓ સંપૂર્ણપણે કર્તા પોતાના કૃત્યના પરિણામોની જાણકારી ધરાવે છે, તે બાબત પર આધારિત છે. ભારતીય દંડ

સંહિતાની કલમ ૨૯૯ દોષિત માનવવધ સાથે સંબંધિત છે. તે નીચે મુજબ વાંચાય છે:-

"જે કોઈ મૃત્યુ કરવાનો આશય રાખીને કોઈ કૃત્ય કરીને મૃત્યુ સર્જે છે, અથવા એવી શારીરિક ઈજા પહોંચાડવાનો આશય રાખીને કે જે મૃત્યુ થવાની સંભાવના ધરાવે, અથવા એવા જ્ઞાન સાથે કે આવા કૃત્યથી મૃત્યુ થવાની સંભાવના છે, તે દોષિત માનવવધનો ગુનો કરે છે."

કલમ ૨૯૯ અને કલમ ૩૦૦નું તુલનાત્મક કોષ્ટક રતનલાલ અને ધીરજલાલની ભારતીય દંડ સંહિતા વિષયક ૨૮મી આવૃત્તિ - ૧૯૯૯, પૃષ્ઠ ૩૬૪ પર, યોગ્ય રીતે આપવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે:-

| કલમ ૨૯૯ | કલમ ૩૦૦ |
|---|---|
| કોઈ વ્યક્તિ દોષનીય હત્યા કરે છે, જો જે કૃત્ય દ્વારા મૃત્યુ થતું હોય તે કૃત્ય કરવામાં આવે છે .... | ચોક્કસ અપવાદો સિવાય, જો મૃત્યુ કારિત કરનાર કૃત્ય દ્વારા કરાયેલ દોષિત માનવવધ હત્યા ગણાય છે .... |
| ઈરાદો | |
| મૃત્યુ કરવાનો આશય સાથે; અથવા | (૧) મરણ નિપજાવવાના ઈરાદાથી; અથવા |
| (બી) મૃત્યુ થવાની સંભાવના ધરાવતી શારીરિક ઈજા | (૨) એવી દેહીય ઈજા પહોંચાડવાના ઈરાદાથી, જે ઈજા થવાથી જે વ્યક્તિને |

| | |
|---|---|
| પહોંચાડવાના ઈરાદાથી; અથવા | હાનિ પહોંચાડવામાં આવે છે, તેની મૃત્યુ થવાની સંભાવના હોવાનું અપરાધીને જાણ હોય; અથવા |
| | (૩) કોઈ પણ વ્યક્તિને શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી અને કરવાનો ઈરાદો રાખવામાં આવેલી શારીરિક ઈજા સ્વાભાવિક પ્રક્રિયામાં મૃત્યુ થવા માટે પૂરતી હોય; અથવા |
| જ્ઞાન | |
| (સી) એ જાણતાં કે આ કૃત્યથી મૃત્યુ થવાની સંભાવના છે. | (૪) આ જાણ હોવા છતાં કે આ કૃત્ય એટલું તાત્કાલિક જોખમી છે કે તે તમામ સંભાવનામાં મરણ અથવા એવી શારીરિક ઈજા પહોંચાડશે, જે મરણ થવાની સંભાવના ધરાવે, અને ઉપર જણાવેલી રીતે મરણ અથવા એવી ઈજા થવાનો જોખમ સ્વીકારવા માટે કોઈ બહાનું વિના |

આ તુલનાત્મક કોષ્ટક બંને ગુનાઓ, એટલે કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ દંડનીય ગુનો અને ભારતીય દંડ

સંહિતાની કલમ ૩૦૪ ભાગ ૨ હેઠળ દંડનીય ગુનો, વચ્ચેના ભેદબિંદુઓને સમજવામાં અત્યંત સહાયક છે.

ઉપર આપેલા કોષ્ટકમાં, જોઈ શકાય છે તેમ, કલમ ૨૯૯ની ઉપકલમ (સી) અને કલમ ૩૦૦ની ઉપકલમ (૪) ને જ્ઞાન શીર્ષક હેઠળ મૂકવામાં આવી છે. વિદ્વાન લેખકો દ્વારા તેને વધુ નીચે મુજબ સમજાવવામાં આવ્યું છે:–

"કલમ ૨૯૯ની ઉપકલમ (સી) અને કલમ ૩૦૦ની ઉપકલમ (૪) બંનેમાં કૃત્યથી મૃત્યુ થવાની સંભાવનાના જ્ઞાનની આવશ્યકતા રહે છે."

૧૫. ઉપરોક્ત ચર્ચા પરથી એટલું કહેવું પૂરતું રહેશે કે સામાન્ય રીતે ધારા ૩૦૦ની કલમ (૪) તેવા પ્રસંગે લાગુ પડશે જ્યાં અપરાધીની આ જાણકારી કે તેના અત્યંત જોખમી કૃત્યથી કોઈ વ્યક્તિના મૃત્યુ થવાની સંભાવના છે, તે ચોક્કસ વ્યક્તિ કે વ્યક્તિઓના મૃત્યુ થવાની સંભાવનાથી અલગ, વ્યવહારુ નિશ્ચિતતા સમાન હોય. આવા અપરાધી તરફથી આવી જાણકારી સર્વોચ્ચ સંભાવનાના સ્તરની હોવી આવશ્યક છે, અને અપરાધીએ મૃત્યુ અથવા ઉપરોક્ત પ્રકારની ઈજા થવાનું જોખમ ઉઠાવવાના કોઈ બહાને વિના કૃત્ય કર્યું હોય. કોઈ નિર્ધારિત કેસમાં, આ કલમ એવા

કેસમાં પણ લાગુ થઈ શકે છે જેમાં આક્ષેપિત કૃત્ય કોઈ ચોક્કસ વ્યક્તિ સામે કરવામાં આવ્યું હોય. બીજી તરફ, જો ભારતીય દંડ સંહિતાની ધારા ૩૦૦ની કલમ (૪)ના તમામ આવશ્યક તત્ત્વો ગેરહાજર હોય અને પુરાવાથી એ સ્થાપિત થાય કે જેના દ્વારા મૃત્યુ થયું છે તે કૃત્ય મૃત્યુ થવાની સંભાવના છે તેવી જાણકારી સાથે કરવામાં આવ્યું હતું, તો એવો કેસ "મર્ડર ન ગણાતી દોષનીય હત્યા"ની શ્રેણીમાં આવશે. આ રીતે જોવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે અપરાધીની જાણકારી તેના કૃત્યના સંભવિત પરિણામ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. બંને પ્રસંગોમાં સંભાવના મૃત્યુ થવા સંબંધિત છે, પરંતુ એક પ્રસંગમાં તે બીજા પ્રસંગ જેટલી તીવ્ર નથી. તેવી જ રીતે, બંને પ્રસંગોમાં કૃત્ય જોખમી છે, પરંતુ જો તે અત્યંત જોખમી હોય, તો પ્રાથમિક દૃષ્ટિએ તે હત્યા ગણાય છે, માત્ર દોષનીય હત્યા નહીં."

૭. રેકોર્ડ પરથી જણાય છે કે માનનીય સત્ર અદાલતના ન્યાયાધીશે કેસના મહત્વના પાસાઓની નોંધ લીધી હતી, અને એ નિષ્કર્ષ પર પહોંચ્યા હતા કે ફરિયાદ પક્ષે અપીલકર્તા–આરોપિતોએ કરેલ ગુનો પુરવાર કર્યો છે. ફરિયાદ પક્ષ અપીલકર્તા–આરોપિતો સામે કેસ પુરવાર કરવામાં સફળ રહ્યું છે અને તેથી અપીલકર્તાઓએ જ આક્ષેપિત ગુનો કર્યો છે એ બાબતે ફરિયાદ પક્ષના કેસમાં હસ્તક્ષેપ કરવાની અમને કોઈ કારણભૂતતા દેખાતી નથી.

૭.૧ સર્વોચ્ચ અદાલતના તાજેતરના નિર્ણય અનુસાર, અમે નીચલી અદાલત સમક્ષ રજૂ થયેલા પુરાવાની સંપૂર્ણ મૂલવણી કરી, પુનર્મૂલવણી કરી અને પુનર્મૂલ્યાંકન કર્યું છે, પરંતુ અપીલકર્તાઓ આક્ષેપિત ગુનાના કર્તા છે એમ નીચલી અદાલતે લીધેલ દૃષ્ટિકોણથી ભિન્ન દૃષ્ટિકોણ અપનાવવા અમે પોતાને મનાવી શક્યા નથી.

૭.૨ જોકે, કેસના વિશિષ્ટ તથ્યો અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતાં, અમે એ બાબત ધ્યાનમાં લીધી છે કે અપીલકર્તાઓ અને મૃતક વચ્ચે કોઈ મોટો વિવાદ નહોતો; પરંતુ જે ક્ષણે વૃક્ષોની ડાળીઓ કાપવા અંગેનો વિવાદ થયો, તે સમયે અપીલકર્તાઓએ આવેશમાં આવીને આક્ષેપિત ગુનો કર્યો. તેથી, આ સર્વ બાબતોના કુલ સંકલનને ધ્યાનમાં રાખી અને મૃતકને થયેલી ઈજાઓ તથા લશુબેન (ઉપરોક્ત) ના મામલે સર્વોચ્ચ અદાલતના નિર્ણયને ધ્યાને લઈ, અમારો અભિપ્રાય છે કે અપીલકર્તાઓને ફટકારવામાં આવેલી સજા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪ (ભાગ ૧) હેઠળ રૂપાંતરિત કરવી જરૂરી છે.

૮. આ મુજબ, અતિરિક્ત સત્ર ન્યાયાધીશ અને અધ્યક્ષ અધિકારી, એફટીસી, આણંદ દ્વારા સત્ર કેસ નં. ૨૩/૨૦૦૮ માં ૩૧.૦૩.૨૦૦૯ના રોજ પસાર કરાયેલા ચુકાદો અને આદેશ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨

સહપાઠિત કલમ ૧૧૪ હેઠળ અપીલકર્તાઓ – મૂળ આરોપીઓની દોષસિદ્ધિને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪ (ભાગ ૧) સહપાઠિત કલમ ૧૧૪ હેઠળની દોષસિદ્ધિમાં રૂપાંતરિત કરવામાં આવે છે. અન્ય સજાઓ હેઠળ અપીલકર્તાઓની દોષસિદ્ધિ યથાવત્ રાખવામાં આવે છે.

૮.૧ અપીલકર્તાઓ – મૂળ આરોપીઓને, નિચલી અદાલત દ્વારા ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૦૨ હેઠળ ફટકારવામાં આવેલી આજીવન કેદની સજાના બદલે, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪ (ભાગ–૧) સાથે વાંચતા કલમ ૧૧૪ હેઠળ દસ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય કલમો હેઠળ આપેલી સજા યથાવત્ રાખવામાં આવે છે. નીચલી અદાલત દ્વારા આપેલી સજા તે મુજબ સુધારવામાં આવે છે. સજાઓ સમકાલીન રીતે ચાલશે.

૮.૨ ફોજદારી અપીલ નં. ૮૬૭/૨૦૦૯ના અપીલકર્તાઓ નં. ૨ અને ૩ – મૂળ આરોપી નં. ૩ અને ૪ – ગોકલભાઈ 'ઉર્ફે પ્રતાપભાઈ નાથાભાઈ પઢિયાર અને નટુભાઈ નાથાભાઈ પઢિયાર જામીન પર હોવાથી, તેઓ આજે થી આઠ અઠવાડિયાની અવધિમાં જેલ સત્તાધીશો સમક્ષ આત્મસમર્પણ કરશે.

૮.૩ તા. ૩૧.૦૩.૨૦૦૯ના ચુકાદા અને આદેશને આ મુજબ સુધારવામાં આવે છે. ઉપરોક્ત હદ સુધી અપીલ મંજૂર કરવામાં આવે છે. જો આર એન્ડ પી આ અદાલત પાસે હોય, તો તેને તાત્કાલિક પરત મોકલવામાં આવે.

**(કે.એસ. ઝવેરી, ન્યાયાધીશ)**

**(એ.જી. ઉરેઝી, ન્યાયાધીશ)**

દિવ્યા

**વિષય :** આજીવન કેદની સજાને કેસના તથ્યો અને તબીબી પુરાવાઓને ધ્યાનમાં રાખીને આરોપીઓની દોષસિદ્ધિને ૧૦ વર્ષની સખત કેદમાં રૂપાંતરિત કરતો ચુકાદો.

*The translation of this judgment has been provided by*

*M/s Hyperlink E-Solutions Pvt. Ltd.*

---

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્ધેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.